# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY R.C.C.I. Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સાથે "વિકસીત ભારત ૨૦૪૭" અંગે સંવાદ કાર્યક્રમનું સફળતાપુર્વક ભવ્ય આયોજન કરવામાં આવ્યું...જેમાં બહોળી સંખ્યામાં વેપાર-ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સાથે "વિકસીત ભારત ૨૦૪૭" અંગે સંવાદ કાર્યક્રમનું તા.૨૬-૪-૨૦૨૪, શુક્રવારના રોજ શ્રી પ્રમુખસ્વામી ઓટીડોરીયમ હોલ, રાજકોટ ખાતે સફળતાપુર્વક ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વેપાર-ઉધોગકારો તેમજ વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ હાજર રહયા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રીશ્રી પરસોતમભાઈ રૂપાલા, માનનીય સંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી રામભાઈ મોકરીયા, શ્રી કેશરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, મેયરશ્રીમતી નયનાબેન પેઢડીયા, ગૌસેવા આયોગ ચેરમેનશ્રી ડો.વલ્લભભાઈ કથીરીયા, શ્રી મુકેશભાઈ દોશી, ડો.માધવભાઈ દવે, શ્રી રાજુભાઈ ધ્રુવ, શ્રી પ્રશાંતભાઈ કોરાટ વગેરે દિપ પ્રાગટય માટે ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, માનદસહમંત્રીશ્રી ઉત્સવભાઈ દોશી તથા ખજાનચીશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીને મોમેન્ટ અર્પી સન્માન કરવામાં આવેલ. તેમજ વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ દ્વારા રેલ્વેમંત્રીશ્રીને બુક તથા શાલ અર્પી સન્માન કરાયેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન આપતા જણાવ્યું કે, દેશના વિકાસમાં મહત્વનો સિંહફાળો આપનાર તેમજ જુના ડબ્બાથી લઈને બુલેટ ટ્રેન સુધીની સફરના સાક્ષી બનનાર તેવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીએ રાજકોટ ચેમ્બરના આમંત્રણને માન આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા તે બદલ સહદય આનંદની લાગણી વ્યકત કરી સમગ્ર વેપાર-ઉધોગકારો વતી આભાર માન્યો. રાજકોટ ચેમ્બર ૬૯ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. વેપાર-ઉધોગકારો તથા આમ જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા તત્પર રહી કેન્દ્ર તથા રાજય સરકાર વચ્ચે એક સેતુ બની પારદર્શક કાર્ય કરી રહયું છે. રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે અનેક પ્રશ્નો છે જે ધ્યાને મુકેલ છે. જેનું સત્વરે નિરાકરણ લાવવું ખાસ જરૂરી છે. તેમજ તમામ ટ્રેનોનું ડેસ્ટીનેશન રાજકોટને આપવામાં આવે તો મહતમ પ્રશ્નોનું નિરાકરણ આવી શકે તેમ છે. વધુમાં રાજકોટ ચેમ્બરની ઘણાં સમયથી માંગણી છે કે કેન્દ્ર અને રાજય સરકારમાં સંકલન સમિતિની રચના કરવી અને તેમાં લીડીંગ ચેમ્બરોને સ્થાન આપવું જેથી કરીને મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય. સાથો સાથ ભારત દેશના વિકાસગાથાની આજે વિશ્વ આખું નોંધ લઈ રહયું છે. જે આપણા માટે ગૌરવરૂપ ગણાય અને તે આપણા યશસ્વી વડાપધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં શકય બનેલ છે. પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પોતાની આગવી શૈલીમાં વકતવ્ય આપી સૌને મંત્રમુગ્ધ કરીને રાજકોટના આંગણે રેલ્વેમંત્રીશ્રી પધાર્યા હોય ત્યારે માંગ્યા વગર મળી જાય તેવી આશા વ્યકત કરેલ. તેમજ આગામી તા.૭ મે

૨૦૨૪ ના રોજ ચૂંટણી થવાની હોય ત્યારે દરેક વેપાર- ઉધોગકારો અને આમ જનતાને મતદાન આપણો અધિકાર હોય અવશ્ય મતદાન કરવા અપીલ કરવામાં આવેલ.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કેન્દ્રી રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા વેપાર-ઉધોગકારો દ્વારા સૌરાષ્ટ્રની પવિત્ર ભુમીમાં સ્વાગત કરવા બદલ આભારની લાગણી વ્યકત કરી. વર્ષ ૨૦૧૪ થી દેશની જવાબદારી સંભાળનાર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા ૧૧ માંથી આજે ૫ માં સ્થાને પહોંચી ગયેલ છે. ભારત દેશ પાસે એવી તાકાત છે કે ગમે તે પ્રોડકટ હોય દેશમાં જ બનાવીને આત્મનિર્ભર દેશ બન્યો છે અને વિશ્વ આખામાં એક અલગ ઓળખ પ્રાપ્ત કરી છે. તેમજ ભારત દેશ અન્ય પાડોશી દેશોને સહાય કરનાર બની ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા વેપાર-ઉધોગકારો માટે અનેકવિધ સ્કીમો અને સહાય યોજનાઓ અમલમાં મુકી છે જે થકી વેપાર-ધંધામાં ખુબ જ ઝડપથી પ્રગતિ થઈ રહી છે. ફાઈનાન્સીયલ સેકટર ખુબ જ મજબુત બની ગયું છે. ઈન્ફ્રસ્ટ્રકચર મજબુત બની ગયું છે. GST માં ઘણું સરળીકરણ થઈ ગયું છે. ડિઝીટલાઈઝેશન ખુબ જ ઝડપથી વધી રહયું છે. બેન્કિંગ સિસ્ટમાં પણ ફેરફારો થઈ ગયા છે. સેમીકન્ડકટર ઈન્ડસ્ટ્રીમાં આશરે ૧ લાખ ૨૨ હજાર કરોડનું ઈન્વેસ્ટમેન્ટ થઈ રહયું છે. દરેક ટેકનોલોજી ડિવાઈસોમાં મેઈડ ઈન ઈન્ડિયા લાગી રહયું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિકસીત ભારત ૨૦૪૭" જે વિઝન છે તે માટે છેલ્લા ૩ વર્ષથી કામ ચાલી રહયું છે અને આશરે ૨૦ લાખથી વધુ લોકો સાથે આ બાબતે ચર્ચા કરી સુચનો જાણી રોડમેપ તૈયાર કરવામાં આવી રહયો છે અને ૨૪ કલાક એટલે ૨૦૪૭ ના ગોલ સાથે કામ થઈ રહયું છે.

રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ઘણાં ફેરફારો થઈ ગયા છે. વર્ષ ૨૦૧૭ માં વંદે ભારત ટ્રેનની શરૂઆત થઈ હતી અને આજે દરેક શહેરોમાં વંદે ભારત ટ્રેન શરૂ થઈ ગઈ છે. છેલ્લા ૧૦ વર્ષમાં આશરે ૩૧ હજાર રેલ્વે ટ્રેક બની ગયા છે. ૧૩૨૦ જેટલા રેલ્વે સ્ટેશનોનું નવીનકરણ થઈ રહયું છે. જેમાં રાજકોટના રેલ્વે સ્ટેશનને વર્લ્ડકલાસ સ્ટેશન બનાવવાની ડિઝાઈન તૈયાર થઈ રહી છે. તો તે માટે રાજકોટ ચેમ્બર તરફથી સુચનો મોકલવા અનુરોધ કરેલ. ડબલટ્રેકની કામગીરી પણ પુર્ણ થઈ ગઈ છે. પશુઓના મૃત્યુદરને અટકાવવા માટે રેલ્વેટ્રેકની બન્ને બાજુ ફેન્સીંગનું કાર્ય ચાલી રહયું છે. વંદે મેટ્રો ટ્રેન પ્રોજેકટ ચાલી રહયો છે. રાજકોટ થી અમદાવાદ માત્ર બે થી અઢી કલાકમાં આરામથી પહોંચી જાય તે માટે રેલ્વે ડિપાર્ટમેન્ટની તૈયારી ચાલી રહી છે. આવનારા દિવસોમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં અનેક નવી ટ્રેનો શરૂ કરવામાં આવશે. વધુમાં ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ અંતર્ગત સેકશન 43B(h)ના અમલમાં જે મુશ્કેલીઓ પડી રહી છે તેના નિરાકરણ માટે નાણામંત્રીશ્રી સાથે ચર્ચા કરીને યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રીને આવકારી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા અન્ય માંગણીઓની રજુઆત ધ્યાને મુકેલ.

(૧) રેલ્વે મંત્રાલય દ્વારા અમદાવાદથી ઉપડતી વિવિધ ૬ ટ્રેનો (1) Train No.19421/22 Ahmedabad- Patna Exp. (2) Train No.22967/68 Ahmedabad- Prayagraj Exp. (3) train no.19413/14 Ahmedabad - Kolkata Exp. (4) Train No.11049/50 Ahmedabad – Kolhapur Exp. (5) Train No.22137/38 Nagpur – Ahmedabad Exp. (6) Train No.12917/18 Ahmedabad-Hazrat Nizamuddin Gujarat Sampark Kranti Exp. ને રાજકોટ સુધી લંબાવવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ સુધી આ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. તેમજ રેલ્વેને આ બાબતે કોઈપણ જાતની નુકશાની થતી હોવાથી આ તમામ ૬ ટ્રેનોને રાજકોટ સુધી તાત્કાલીક લંબાવવા બાબત.

(૨) મુંબઈ-સેન્ટ્રલ-હાપા દુરન્તો એક્સપ્રેસને બોરીવલી સ્ટેશન ખાતે તાત્કાલીક સ્ટોપ આપવા બાબત.

(૩) ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેઈલનો સમય તેના ઓરીજીનલ સમય મુજબ રાખવા બાબત.

(૪) ઓખા-હરિદ્વાર-ઓખા "ઉતરાંચલ એક્સપ્રેસ" અઠવાડીયામાં ત્રણ વખત શરૂ કરવી તેમજ રાજકોટ-સુરેન્દ્રનગર ડબલ ટ્રેક તથા ઈલેક્ટ્રીફિકેશનનું કામ પુર્ણ થઈ ગયેલ છે તો "રાજધાની એક્સપ્રેસ" "શતાપ્દી એક્સપ્રેસ" અને "હરિદ્વારા મેઈલ" ને રાજકોટ સુધી લંબાવવા બાબત.

(૫) હમસફર એક્સપ્રેસ ટ્રેનનં.૨૨૯૨૩ / ૨૨૯૨૪ બાન્દ્રા ટર્મીનસ-જામનગર-બાન્દ્રા સોમવાર, ગુરૂવાર અને શનિવારે ત્રણ વખત ચાલે છે તેને કાયમી દરરોજ શરૂ કરવા બાબત.

(૬) ઓખા-અમદાવાદ "વંદે ભારત" એક્સપ્રેસ રાજકોટ જંકશનથી સવારે ૬:૩૦ વાગ્યે ઉપડે છે. ત્યારે મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખી રાજકોટ-અમદાવાદ વચ્ચે બીજી વધારાની નવી "વંદે ભારત" સાંજે ૬:૦૦ વાગ્યે શરૂ કરવા બાબત.

(૭) દ્વારાકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોવાથી ઓખા-અયોધ્યા-ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા બાબત.

(૮) અમદાવાદ-પુના-અમદાવાદને રાજકોટ સુધી લંબાવવા માટે રેલ્વે મંત્રાલય દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી. પરંતુ હજુ આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ નથી. રાજકોટ અને પુના બન્ને શહેરો ઓટોપાર્ટસ મેન્યુફેકચરીંગ હબ તરીકે જાણીતા છે. ત્યારે આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

(૯) ૮૦ / ૨૦ ની સ્કીમને બાકાત રાખી કેન્દ્ર સરકાર તરફથી ડાયરેકટ રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવા બાબત.

(૧૦) રાજકોટ ખાતે તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવા બાબત.
(૧૧) રાજકોટ ખાતે પ્લગ એન્ડ પ્લે ટાઈપની GIDC બનાવવા બાબત.
(૧૨) ઈન્કમટેક્ષા એકટ ૧૯૬૧ના સેકશન 43B(h) ના અમલ અંગે ફેરવિચારણા કરી મુલત્વી રાખવું તથા નિકાસકારોને તેમાંથી બાકાત રાખવા બાબત.
(૧૩) રાજકોટ ખાતે MSME એકમોની સંખ્યાને ધ્યાનમાં રાખી PMEGP એપ્લીકેશન હેઠળ યુનિટોનું ફિકસ ટાર્ગેટ ૧૪૦ થી વધારી ૫૦૦ યુનિટ સુધી કરવા બાબત.
(૧૪) રાજકોટ માટે કાયમી GST એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવા બાબત.
(૧૫) રાજકોટ થી દિલ્હી માટેની રોજીંદી સવારની બે ફલાઈટ શરૂ કરવી તેમજ મુંબઈ થી રીટર્ન માટેની સાંજની ૮:૩૦ થી ૧૦:૩૦ ની વચ્ચે રોજીંદી ફલાઈટ શરૂ કરવા બાબત.
(૧૬) રાજકોટમાં સંપુર્ણ સુવિધાવાળી ૨૦૦ બેડની ESIC ની મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનાવવા બાબત.
(૧૭) વિદેશોમાં યોજાતા ટ્રેડ ફેર અને ઔધોગીક પ્રદર્શનોમાં ઉધોગકારો માટેની સહાય મયર્ાદા ઓછામાં ઓછી વાર્ષિક ૩૦ લાખ સુધી વધારવા બાબત.

રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ પ્રશ્નોની રજુઆતોનો યોગ્ય નિરાકરણ લાવવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રીએ હકારાત્મક અભિગમ દાખવેલ. કાર્યક્રમના અંતે વેપાર-ઉધોગકારો, એસોસીએશનોના પ્રતિનિધિઓ તથા પ્રેસ મિડિયાના પ્રતિનિધિઓનો ઉપસ્થિત રહેવા રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ આભાર વ્યકત કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી શૈલેશભાઈ સગપરીયા કરેલ. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.